# SAURASHTRA UNIVERSITY
**Exam Cell Section**
University Campus, University Road, Rajkot – 360005
Phone No.: (0281) 2555013 to 16 Ext. No. 707 - 710
E-mail Id: exam06@sauuni.ac.in


No. Exam Cell / 04224 / 2026 Dt. 23 / 10 / 2026

**પરિપત્ર :–**

**વિષય :–** ABC ID ફેચ બાકી હોય તેવા વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ બાબત.
**સંદર્ભ :–** અત્રેના વિભાગના તા.૩૧–૦૭–'૨૬ ના પરિપત્ર ક્રમાંક : પરીક્ષા સેલ / ૨૬૧૩૦૬૨ /'૨૬.

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, સંદર્ભ પરનાં પરિપત્રની વિગતે વર્ષ ૨૦૨૬–૨૭ માં જે વિદ્યાર્થીઓએ કોલેજ / ભવનમાં પ્રવેશ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ / એનલીસ્ટમેન્ટ માટેના ફોર્મ ભરતા સમયે આધાર કાર્ડની માહિતીની એન્ટ્રીને આધારે તમામ વિદ્યાર્થીઓના ABC ID ફેચ કરાવ્યા બાદ જ ફોર્મ ભરી શકાશે તે મુજબ જણાવવામાં આવેલ.

કોલેજો દ્વારા વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ / એનલીસ્ટમેન્ટ માટેના ફોર્મ ભરતા સમયે તે બાબતનું ધ્યાન રાખી કાર્યવાહી કરવામાં આવેલ છે **તેમ છતાં અમુક વિદ્યાર્થીઓના આધાર કાર્ડમાં માહિતી મિસમેચ થતી હોય, આધાર કાર્ડ બ્લોક થયેલ હોય, જન્મ તારીખમાં વિસંગતતા હોય વગેરે કારણોસર ABC ID ક્રિએટ ન થવાના કારણે તેઓના એનરોલમેન્ટ / એનલીસ્ટમેન્ટ માટેના ફોર્મ ભરવાન બાકી રહી ગયેલ હોય** તેઓએ આ સાથે સામેલ પત્રને ધ્યાને લઈ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

વધુમાં સામેલ પત્રની વિગતે કાર્યવાહી પૂર્ણ થયે યુનિવર્સિટી દ્વારા ઈમેઈલ મારફત જણાવ્યા બાદ કોલેજે પરીક્ષા સેલ વિભાગનો રૂબરૂ / ટેલિફોનીક / ઈમેઈલ દ્વારા સંપર્ક કરી બાકી રહી ગયેલ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ / એનલીસ્ટમેન્ટ માટે પોર્ટલ ઓપન કરી આપવા અંગેનો પત્ર આપ્યા બાદ અત્રેથી પોર્ટલ ઓપન કરી આપવામાં આવશે જેને આધારે તેઓના ફોર્મ ભરી દેવાના રહેશે અને ફી મેમો જનરેટ કરી અગાઉ અન્ય વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ / એનલીસ્ટમેન્ટ નંબર જનરેટ માટે કરેલ કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ વિભાગ દ્વારા તેઓના નંબર જનરેટ કરવાની કાર્યવાહી તાત્કાલિક કરી આપવામાં આવશે, જે વિદિત થાય.

**પરીક્ષા નિયામક**

**બિડાણ :–** ઉપર મુજબ

**પ્રતિ,**
– યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ...

વિષય: વિદ્યાર્થીઓનું ABC ID ઓટો ફેચ થતું ના હોય તે અંગેનું ફોર્મ

શ્રીમાન,

એકેડેમિક બેંક ઓફ ક્રેડીટ (ABC) એ NEP-2020 મુજબ રાષ્ટ્રીય સ્તરની ક્રેડીટ આધારિત વિદ્યાર્થી કેન્દ્રિત અને વિદ્યાર્થીઓ માટે તેમની શૈક્ષણિક ક્રેડીટ સંગ્રહિત કરવા માટેનું અત્યંત ગતિશીલ ડીજીટલ પ્લેટફોર્મ છે, તેનો મુખ્ય હેતુ સમગ્ર ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની સુગમતા સક્ષમ કરવાનો છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ સંલગ્ન તમામ કોલેજો, સંસ્થાઓ તેમજ યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોએ વર્ષ ૨૦૨૬-૨૭ માં પોતાની સંસ્થામાં થયેલ એનરોલમેન્ટ/એનલીસ્ટમેંટ/રજીસ્ટ્રેશનની સામે તમામ વિદ્યાર્થીઓના ૧૦૦% ABC/APAAR ID ક્રિએટ/કેપ્ચર કરવાના હેતુ થી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ થી એનરોલમેન્ટ / પીજી રજીસ્ટેશન / એન્લીસ્ટમેન્ટ ફોર્મમાં વિદ્યાર્થીનું ABC ID ફરજીયાતપણે અને APIના માધ્યમથી અને આધાર કાર્ડની માહિતીના આધારે જનરેટ કરવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. વધુમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા એક યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/સંસ્થાઓ તેમજ ભવનોને ABC ID ક્રિએટ/કેપ્ચર કરવામાં મદદરૂપ થઇ શકે તેવા હેતુથી એક વેબ પોર્ટલ **https://abcid.sauuni.ac.in** લોન્ચ કરવામાં આવેલ છે અને લોગીન આઈડી તેમજ પાસવર્ડ મોકલી આપવામાં આવેલ છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ સંલગ્ન કોલેજો, સંસ્થાઓ તેમજ અનુસ્નાતક ભવનો દ્વારા મળેલ સાથ સહકાર બદલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માં મોટા ભાગના વિદ્યાર્થીઓના ABC ID કેપ્ચર થયેલ છે. તેમછતાં વિદ્યાર્થીઓના આધાર કાર્ડમાં માહિતી મિસમેચ થતી હોય, આધાર કાર્ડ બ્લોક થઇ ગયેલ છે, જન્મ તારીખ માં વિસંગતતા હોય, વગેરે જેવા કારણોના લીધે ઘણા વિદ્યાર્થીઓનું એનરોલ્મેન્ટ / પીજી રજીસ્ટેશન / એન્લીસ્ટમેન્ટ હજુ બાકી છે. આવા વિદ્યાર્થીઓનું એનરોલ્મેન્ટ વહેલી તકે થઇ શકે તેવા હેતુથી આ સાથે સામેલ ગુગલ ફોર્મ માં જરૂરી માહિતી ભરી ફોર્મ વહેલી તકે સબમિટ કરી આપશો. ગુગલ ફોર્મ માં HSC સીટ નંબર, એનરોલ્મેન્ટ નંબર અથવા PEC નંબર માંથી લાગુ પડતી વિકલ્પ પસંદ કરી, HSC સીટ નંબર, એનરોલ્મેન્ટ નંબર અથવા PEC નંબર સાથે ગુગલ ફોર્મ સબમિટ કરવાનું રહેશે. ત્યારબાદ કોલેજ દ્વારા લેટર હેડ પર વિદ્યાર્થીઓની યાદી નીચે જણાવ્યા ફોરમેટ મુજબ તાત્કાલિક ધોરણે examcc@sauuni.ac.in તેમજ ce@sauuni.ac.in પર ઇમેલ કરી આપવાનું રહેશે.

| **કોલેજ કોડ - કોલેજનું નામ** | | | | | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **વિદ્યાર્થીનું નામ** | **ફેકલ્ટી** | **પ્રોગ્રામ** | **આધાર નંબર** | **ABC ID (જો હોય તો)** |
| ૧ | | | | | |
| ૨ | | | | | |

**ગૂગલ ફોર્મ લીંક: https://forms.gle/HV7cUpCPGszGVap9A**

ઉપરોક્ત મેઈલ કર્યા બાદ યુનિવર્સિટી દ્વારા ઇમેલ મારફત જણાવ્યા બાદ વિદ્યાર્થીનું એનરોલ્મેન્ટ કરવાનું રહેશે.

આભાર....